# અગ્રતાક્રમ–૧૯

**પ્રશ્ન–૧** તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ડૉ. બાબા સાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ વડોદરા **જિલ્લામાં છેલ્લા ચાર વર્ષમાં વર્ષવાર મળેલ અરજીઓ,** મંજૂર કરેલ અરજીઓ અને ચૂકવાયેલ રકમ કેટલી ? (શ્રી કેતનભાઈ ઈનામદાર – સાવલી)

**પ્રશ્ન–૨** ડૉ.બાબા સાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ અનુસૂચિત જાતિ પૈકી **અતિપછાત જાતિના** વિદ્યાર્થીઓને વહેલી તકે **લોન** મળી રહે તે માટે સરકારશ્રીએ શી **વ્યવસ્થા** કરેલ છે ? (શ્રી ચૈતન્યભાઈ દેસાઈ – અકોટા)

**પ્રશ્ન–૩** તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વડોદરા સીટીમાં ડૉ. બાબા સાહેબ આંબેડકર **વિદેશ અભ્યાસ લોન** યોજના હેઠળ કેટલા વિદ્યાર્થીઓની **અરજી મળી,** તે પૈકી **કેટલી મંજૂર કરી** અને કેટલી અરજીઓ **નામંજૂર** થઇ અથવા **મંજૂર કરવાની બાકી** છે? તો **કેટલા સમયમાં મંજૂર થઇ શકશે** ?

**પ્રશ્ન–૪** તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વડોદરા **જિલ્લામાં તાલુકાવાર** ડૉ. બાબા સાહેબ આંબેડકર **વિદેશ અભ્યાસ લોન** યોજના હેઠળ કેટલા વિદ્યાર્થીઓની **અરજી મળી,** તે પૈકી **કેટલી મંજૂર કરી** અને કેટલી અરજીઓ **નામંજૂર** થઇ અથવા **મંજૂર કરવાની બાકી** છે? તો **કેટલા સમયમાં મંજૂર થઇ શકશે** ?

**પ્રશ્ન–૫** ડૉ. બાબા સાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ **અનુસૂચિત જાતિના વધુમાં વધુ વિદ્યાર્થીઓ** લાભ લઇ શકે તથા લોનની પ્રક્રિયાને સરળ બનાવવા સરકારે શું પગલા લીધા છે ?

**વડોદરા જિલ્લામાં ડૉ. બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ યોજના**

*** 15/4/1798 : શ્રી કેતનભાઈ મહેન્દ્રભાઈ ઈનામદાર (સાવલી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ–**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં ડૉ.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ છેલ્લા એક વર્ષમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) | ૧૭૧ |
| (૨) | તે પેટે કેટલી રકમની લોન આપવામાં આવી? | (૨) | ૩.૨૫૬૫.૦૦ લાખ |

------------------

**પ્રશ્ન–૧** તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ડૉ. બાબા સાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ વડોદરા **જિલ્લામાં છેલ્લા ચાર વર્ષમાં વર્ષવાર મળેલ અરજીઓ,** મંજૂર કરેલ અરજીઓ અને ચૂકવાયેલ રકમ કેટલી ?

**જવાબ:– માન. અધ્યક્ષશ્રી,**

ડૉ. બાબા સાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ વડોદરા **જિલ્લામાં છેલ્લા ચાર વર્ષમાં વર્ષવાર મળેલ અરજીઓ,** મંજૂર કરેલ અરજીઓ અને ચૂકવાયેલ રકમ નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | મળેલ અરજીઓ | મંજુર કરેલ અરજીઓ | ચૂકવાયેલ રકમ રૂા.લાખમાં |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૨૦–૨૧ | ૩૮ | ૩૮ | ૫૭૦.૦૦ |
| ૨ | ૨૦૨૧–૨૨ | ૩૧ | ૩૧ | ૪૬૫.૦૦ |
| ૩ | ૨૦૨૨–૨૩ | ૬૩ | ૬૩ | ૯૪૫.૦૦ |
| ૪ | ૨૦૨૩–૨૪ | ૨૩૧ | ૧૭૧ | ૨૫૬૫.૦૦ |
| કુલ | | ૩૬૩ | ૩૦૩ | ૪૫૪૫.૦૦ |

**માન. અધ્યક્ષશ્રી,**

તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ **૫૯** અરજીઓ ચકાસણી હેઠળ હતી. જે આજની તારીખે મંજૂર કરેલ છે.

મુખ્ય પેજ પર જવા માટે

**પ્રશ્ન- ૨** ડૉ. બાબા સાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ અનુસૂચિતજાતિ પૈકી **અતિપછાત જાતિના** વિદ્યાર્થીઓને વહેલી તકે **લોન** મળી રહે તે માટે સરકારશ્રીએ શી **વ્યવસ્થા** કરેલ છે.?

**જવાબ:- માન. અધ્યક્ષશ્રી,**

- ડૉ. બાબા સાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ અનુસૂચિત જાતિ પૈકી અતિપછાત જાતિના વિદ્યાર્થીઓને વહેલી તકે લોન મળી રહે તે માટે સરકારશ્રીએ તા.૦૩/૦૧/૨૦૨૨ના ઠરાવથી અતિપછાત જાતિના વિદ્યાર્થીઓની લોન અરજીનો ક્રમ ધ્યાને લીધા સિવાય અગ્રતાના ધોરણે લોન અરજીઓ મંજુર કરવામાં આવે છે.

[મુખ્ય પેજ પર જવા માટે]

**પ્રશ્ન–૩** તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ **વડોદરા સીટીમાં** ડૉ. બાબા સાહેબ આંબેડકર **વિદેશ અભ્યાસ લોન** યોજના હેઠળ કેટલા વિદ્યાર્થીઓની **અરજી મળી**, તે પૈકી **કેટલી મંજૂર કરી** અને કેટલી અરજીઓ **નામંજૂર** થઇ અથવા **મંજૂર કરવાની બાકી** છે? તો **કેટલા સમયમાં મંજૂર થઇ શકશે** ?

**જવાબ:– માન. અધ્યક્ષશ્રી, તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ**

| ક્રમ | તાલુકો | મળેલ અરજી | મંજુર કરેલ અરજી | નામંજુર | ચકાસણી હેઠળ | ચુકવાયેલ રકમ (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|---|---|
| ૧ | વડોદરા | ૨૨૫ | ૧૬૫ | ૧ | ૫૯ | ૨૪૭૫.૦૦ |

**માન. અધ્યક્ષશ્રી,**

તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ **૫૯** અરજીઓ ચકાસણી હેઠળ હતી. જે આજની તારીખે મંજૂર કરેલ છે. તથા **૧(એક)** અરજીઓમાં ધોરણ–૧૨ બે પ્રયત્ને પાસ કરેલ હોવાથી **૫૦ ટકા** કરતાં ઓછા ગુણ હોવાથી અરજી નામંજુર કરવામાં આવેલ છે.

મુખ્ય પેજ પર જવા માટે

**પ્રશ્ન–૪** તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વડોદરા **જિલ્લામાં તાલુકાવાર** ડૉ. બાબા સાહેબ આંબેડકર **વિદેશ અભ્યાસ લોન** યોજના હેઠળ કેટલા વિદ્યાર્થીઓની **અરજી મળી**, તે પૈકી **કેટલી મંજૂર કરી** અને કેટલી અરજીઓ **નામંજૂર** થઇ અથવા **મંજૂર કરવાની બાકી** છે? તો **કેટલા સમયમાં મંજૂર થઇ શકશે** ?

**જવાબ:– માન. અધ્યક્ષશ્રી, તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ**

| ક્રમ | તાલુકો | મળેલ અરજી | મંજુર કરેલ અરજી | નામંજુર | ચકાસણી હેઠળ | ચુકવાયેલ રકમ (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|---|---|
| ૧ | સાવલી | ૧ | ૧ | ૦ | ૦ | ૧૫.૦૦ |
| ૨ | વડોદરા | ૨૨૫ | ૧૬૫ | ૧ | ૫૯ | ૨૪૭૫.૦૦ |
| ૩ | ડભોઇ | ૧ | ૧ | ૦ | ૦ | ૧૫.૦૦ |
| ૪ | કરજણ | ૨ | ૨ | ૦ | ૦ | ૩૦.૦૦ |
| ૫ | પાદરા | ૧ | ૧ | ૦ | ૦ | ૧૫.૦૦ |
| ૬ | વાઘોડીયા | ૧ | ૧ | ૦ | ૦ | ૧૫.૦૦ |
| | શિનોર તથા ડેશર તાલુકામાં અરજી મળેલ નથી. | | | | | |
| | કુલ | ૨૩૧ | ૧૭૧ | ૧ | ૫૯ | ૨૫૬૫.૦૦ |

**માન. અધ્યક્ષશ્રી,**

તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ **૫૯** અરજીઓ ચકાસણી હેઠળ હતી. જે આજની તારીખે મંજૂર કરેલ છે. તથા **૧(એક)** અરજીઓમાં ધોરણ–૧૨ બે પ્રયત્ને પાસ કરેલ હોવાથી **૫૦ ટકા** કરતાં ઓછા ગુણ હોવાથી અરજી નામંજુર કરવામાં આવેલ છે.

મુખ્ય પેજ પર જવા માટે

**પ્રશ્ન–૫** ડૉ. બાબા સાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ **અનુસૂચિત જાતિના વધુમાં વધુ વિદ્યાર્થીઓ** લાભ લઈ શકે તથા લોનની પ્રક્રિયાને સરળ બનાવવા સરકારે શું પગલા લીધા છે ?

**જવાબ:– માન. અધ્યક્ષશ્રી,**

- ડૉ. બાબા સાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ સરકારશ્રીના તા.૦૯/૦૩/૧૯૯૯ના ઠરાવથી લોન મેળવવા માટે બે સધ્ધર જામિન રજુ કરવાની જોગવાઇ કરવામાં આવેલ હતી પરંતુ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને લોનની અરજી કરવા જામીન રજુ કરવામાં પડતી મુશ્કેલી નિવારવા માટે સરકારશ્રીએ તા.૦૩/૦૧/૨૦૨૨ ના ઠરાવથી બે સધ્ધર જામીનના બદલે માત્ર એક જ જામીન રજુ કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

- ડૉ. બાબા સાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ સરકારશ્રીના તા.૦૯/૦૩/૧૯૯૯ ના ઠરાવથી એક કુટુંબની ફકત એક જ વ્યકિત ને આ યોજનાનો લાભ મળતો હતો પરંતુ સરકારશ્રીના તા.૦૩/૦૧/૨૦૨૨ ના ઠરાવથી એક કુટુંબની બે વ્યકિતને લાભ આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે.

- વિદ્યાર્થીઓને લોનની રકમ એકી સાથે ચૂકવવામાં આવે છે.
- વિઝા સિવાયના અન્ય સાધનિક પુરાવાઓ રજૂ કરતા જ લોનની મંજુરીની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. જેથી વિદ્યાર્થીને વિઝા મળ્યેથી તરત જ લોનની રકમ ચૂકવી શકાય.

[મુખ્ય પેજ પર જવા માટે]

# <u>પુરક નોંધ</u>

**<u>ડૉ. બાબા સાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના શરૂ થઈ ત્યારથી અત્યાર સુધી કરવામાં આવેલ વખતોવખત સુધારાઓ.</u>**

- **ગુજરાત સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા: ૦૯/૦૩/૧૯૯૯ના ઠરાવ ક્રમાંક – એસપીએચ/૧૦૯૭/મું.૩૧૫/ગ**
  - ઉક્ત ઠરાવથી વર્ષ: ૧૯૯૮–૯૯થી અનુસૂચિત જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેઓએ જે તે વિદ્યાશાખામાં વિશેષ યોગ્યતા મેળવેલ હોય કે અદ્વિતિય ઉપલબ્ધી પ્રાપ્ત કરેલ હોય તેવા વિદ્યાર્થીઓને/અરજદારોને વિદેશમાં ઉચ્ચ શિક્ષણ માટે પોસ્ટ ગ્રેજયુએટ કક્ષા, પી.એચ.ડી. તેમજ ઉચ્ચ કક્ષાના સંશોધન અને કોમ્પ્યુટર ક્ષેત્રના અભ્યાસક્રમો માટે લોન આપવામાં આવે છે.
  - મુળ ગુજરાત રાજયના અનુસૂચિતજાતીના વિદ્યાર્થીઓને કુટુંબની આવક મર્યાદા ઘ્યાને લીધા સિવાય આ યોજનાનો લાભ આપવામાં આવે છે.
  - લોનની વસુલાત વિદ્યાર્થીનો અભ્યાસ પુરો થયા પછી છ માસ પછી શરૂ કરવામાં આવશે. સંપુર્ણ લોનની વસુલાત ૧૦ વર્ષમાં પુરી કરવાની રહેશે. મુળ રકમ ભરપાઇ થયા બાદ વ્યાજ પણ તે જ પ્રમાણે વસુલ કરવાનુ રહેશે. નિયમિત હપ્તા ન ભરનાર પાસેથી લોનની એકસામટી રકમ તે પરના વ્યાજની રકમ સહિત જમીન મહેસુલની બાકી તરીકે વસુલ કરવામાં આવશે.
  - લાભાર્થીએ એક સદ્ધર જામીન રજુ કરવાના રહેશે.
  - વિદ્યાર્થી વિદેશ ગમનના ૬ માસની અંદર પણ અરજી કરી શકશે.
- **ગુજરાત સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા: ૧૫/૦૪/૧૯૯ ના ઠરાવ ક્રમાંક – એસપીએચ/૧૦૯૭/મું.મ.૩૧૫/ગ**
  - આ યોજનાનુ નામાભિધાન “ડો. આંબેડકર સ્કોલરશીપ લોન યોજના” કરવામાં આવેલ.
- **ગુજરાત સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા:૦૭/૦૩/૨૦૦૨ના ઠરાવ ક્રમાંક – એસપીએચ/૧૦૯૭/મું.૩૧૫/ગ**
  - અનુસૂચિત જાતિના પાંચ વિદ્યાર્થીને બદલે વર્ષ દરમ્યાન ૧૦ વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ આપવાનુ ઠરાવવામાં આવે છે.

- **ગુજરાત સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા:૧૮/૦૧/૨૦૦૫ના ઠરાવ ક્રમાંક –પીએમએસ–૧૦૨૦૦૩–ન.બા.૬–ગ**
  - અનુસૂચિત જાતિના ૧૦ વિદ્યાર્થીને બદલે વર્ષ દરમ્યાન ૨૦ વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ આપવાનુ ઠરાવવામાં આવે છે.

- **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા:૧૬/૦૨/૨૦૦૫ના પત્ર ક્રમાંક –એસપીએસ–૧૩૦૫–૩૭૦–ગ**
  - અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને લોન આપવાની કાર્યવાહી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુ.રા, ગાંધીનગરને સોપવામાં આવી.

- **ગુજરાત સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા:૧૭/૧૦/૨૦૦૫ના ઠરાવ ક્રમાંક –એસપીએસ–૧૦૯૭/મુ.મ.૩૭૫/ભાગ–૨.ન.**
  - સ્નાતક કક્ષાએ ૫૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવ્યા હોય તેવા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પોસ્ટ ગ્રેજયુએટ, પી.એચ.ડી., ઉચ્ચ કક્ષાના સંશોધન અને કોમ્પ્યુટર ક્ષેત્રના અભ્યાસક્રમો માટે લોન આપવામાં આવશે.
  - ધોરણ–૧૨ માં ૫૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવ્યા હોય તેવા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ડીપ્લોમા અથવા તેની સમકક્ષ તાંત્રીક અભ્યાસક્રમો માટે લોન આપવામાં આવશે.
- **ગુજરાત સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા:૨૨/૦૨/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક –પીએમએસ/૧૦૨૦૦૩/ન.બા.૬/ગ**
  - અનુસૂચિત જાતીના ૨૦ વિદ્યાર્થીને બદલે હવેથી દર વર્ષે ૪૦ વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ આપવાનુ ઠરાવવામાં આવે છે.
- **ગુજરાત સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા:૨૩/૦૩/૨૦૦૭ના ઠરાવ ક્રમાંક –એસપીએચ–૧૦૯૭–મુમ–૩૧૫–નબા–૮(૦૬)–ગ**
  - વિદેશ અભ્યાસ માટે વિદ્યાર્થી દીઠ રૂા. ૫.૦૦ લાખનો વધારો કરી રૂા. ૧૦.૦૦ લાખ (રૂપીયા દસ લાખ) અથવા ખરેખર થવાપાત્ર/થયેલ ખર્ચએ બે માંથી જે ઓછી હોય તેટલી રકમની લોન વાર્ષિક ૪ ટકાના વ્યાજના દરે આપવાનુ ઠરાવેલ.

- **ગુજરાત સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા:૨૦/૧૦/૨૦૦૮ના ઠરાવ ક્રમાંક –અજાક–૧૩૦૬–મં. ૨૯–ગ**
  - વિદેશ અભ્યાસ માટે લોન અનુસૂચિત જાતીની કુટુંબની પુત્રવધુને પણ આપી શકાશે.
  - વિઝા સીવાય અન્ય સાધનિક કાગળો રજુ કર્યેથી લોન મંજુરીની કાયવાહી હાથ ધરવાની રહેશે. પરંતુ વિઝા રજુ કર્યા બાદ જ લોનની ચુંકવણી કરવાની રહેશે.
- **ગુજરાત સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા:૨૪/૦૧/૨૦૧૨ના ઠરાવ ક્રમાંક –અજાક–૧૩૨૦૧૧–૭૦૮૫૯૬–ગ**
  - વિદેશ અભ્યાસ માટે લોન ની અરજી અંગે ક્ષતિપુર્તતા પત્રની તારીખથી ૬ માસમાં કરવાની રહેશે.
  - ધો.૧૦ પછી ત્રણ વર્ષનો ડીપ્લોમા કોર્ષ કરેલ હોય તો તેને કોલેજમાં પ્રવેશ માટે ધો.૧૨ ની સમકક્ષ ગણવામાં આવશે.

- **ગુજરાત સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા:૨૭/૦૮/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક – SCW/10/2013/771453/ન.બા–૧૬/G**
  - વિદેશ અભ્યાસ માટે લોન ની રકમ રૂા.૧૦.૦૦ લાખથી વધારી રૂા.૧૫.૦૦ લાખ કરવામાં આવી.

- **ગુજરાત સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા:૨૫/૧૦/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક – અજાક/૧૦૧૬/૧૬૦૯૬૯/ગ**
  - ધોરણ–૧૨ અને સ્નાતક કક્ષાએ ૫૦ ટકા કે તેથી વધુની ધોરણ અને લોનની રકમ એક સામટી ચુંકવવાની રહેશે.

- **ગુજરાત સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા: ૨૮/૦૬/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક – અજાક/૧૦/૨૦૧૩/૭૭૧૪૫૩/ગ**
  - પાત્રતા ધરાવતી અરજીઓ આગામી વર્ષે કેરી ફોરવર્ડ કરવાની રહેશે.

- **ગુજરાત સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા: ૦૩/૦૧/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક –SCW/૧૦/૨૦૧૩/૭૭૧૪૫૩/ગ**
    - લાભાર્થીએ એક સધ્ધર જામીન રજુ કરવાના રહેશે.
    - એક જ પરિવારના વધુમાં વધુ બે વ્યકતીને લોન આપી શકાશે.
    - મળેલ અરજીઓ ક્રમાનુસાર મંજુર કરવાની રહેશે.
    - જે પૈકી અતિ પછાત જાતિના અરજદારોને અગ્રતા આપવાની રહેશે.
    - જો વિદ્યાર્થી પરદેશમાં સ્થાયી થાય તો નોકરીનુ સ્થળ, રહેઠાણમાં ફેરફાર, સંપર્ક નંબર, ઇ–મેઇલ આઇ.ડી., ભારતમાં આવાગમનની જાણ “જયાં સુધી લોન ભરપાઇ ના થાય ત્યાં સુધી” ફરજિયાત કરવાની રહેશે.
    - ધોરણ–૧૨ કે તેથી ઉપરના જે અભ્યાસક્રમને આધારે વિદેશઅભ્યાસમાં પ્રવેશ મેળવતા હોય તેમાં ૫૦% કે વધુ માર્ક ધરાવતા હોવા જોઇશે તેમજ તેઓ ડીપ્લોમા, સ્નાતક, અનુસ્નાતક, પોસ્ટ ગ્રેજયુએટ ડીપ્લોમા, પી.એચ.ડી, તેમજ તમામ ક્ષેત્રના અન્ય એક કે તેથી વધુ વર્ષના અથવા ઓછામાં ઓછા બે સેમેસ્ટરના સમયગાળા માટેના અભ્યાસક્રમો માટે પણ લોન મેળવવાને પાત્ર રહેશે.

**ડૉ. બાબા સાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના શરૂ થઈ ત્યારથી અત્યાર સુધીમાં લાભાન્વિત વિદ્યાર્થીઓની કુલ સંખ્યા અને ચુકવવામાં આવેલ કુલ રકમ.**

| અ.નં. | વર્ષ | જોગવાઇ | મંજુર કરેલ રકમ રૂ.લાખમાં | કુલ લાભાર્થી | | |
|---|---|---|---|---|---|---|
| | | | | કુમાર | કન્યા | કુલ લાભાર્થી |
| ૧ | ૧૯૯૯–૦૦ | ૧૫.૦૦ | ૧૫.૦૦ | ૦૨ | ૦૧ | ૦૩ |
| ૨ | ૨૦૦૦–૦૧ | ૫૦.૦૦ | ૩૦.૦૦ | ૦૫ | ૦૧ | ૦૬ |
| ૩ | ૨૦૦૧–૦૨ | ૫૦.૦૦ | ૪૦.૦૦ | ૦૭ | ૦૧ | ૦૮ |
| ૪ | ૨૦૦૨–૦૩ | ૫૦.૦૦ | ૪૦.૦૦ | ૦૭ | ૦૧ | ૦૮ |
| ૫ | ૨૦૦૩–૦૪ | ૫૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૮ | ૦૨ | ૨૦ |
| ૬ | ૨૦૦૪–૦૫ | ૨૦૦.૦૦ | ૨૦૦.૦૦ | ૩૨ | ૦૮ | ૪૦ |
| ૭ | ૨૦૦૫–૦૬ | ૧૦૦.૦૦ | ૨૦૦.૦૦ | ૩૩ | ૦૭ | ૪૦ |
| ૮ | ૨૦૦૬–૦૭ | ૨૦૦.૦૦ | ૨૭૦.૦૦ | ૪૫ | ૦૯ | ૫૪ |
| ૯ | ૨૦૦૭–૦૮ | ૪૦૦.૦૦ | ૫૯૫.૯૧ | ૪૮ | ૧૨ | ૬૦ |
| ૧૦ | ૨૦૦૮–૦૯ | ૬૦૦.૦૦ | ૮૪૧.૨૦ | ૬૩ | ૨૨ | ૮૫ |
| ૧૧ | ૨૦૦૯–૧૦ | ૧૦૦૦.૦૦ | ૯૯૯.૫૦ | ૭૪ | ૨૬ | ૧૦૦ |
| ૧૨ | ૨૦૧૦–૧૧ | ૧૦૦૦.૦૦ | ૮૭૦.૦૦ | ૬૮ | ૧૯ | ૮૭ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૩ | ૨૦૧૧–૧૨ | ૧૦૦૦.૦૦ | ૬૭૯.૫૦ | ૫૩ | ૧૫ | ૬૮ |
| ૧૪ | ૨૦૧૨–૧૩ | ૮૦૦.૦૦ | ૭૨૦.૦૦ | ૫૨ | ૨૦ | ૭૨ |
| ૧૫ | ૨૦૧૩–૧૪ | ૭૦૦.૦૦ | ૭૦૦.૦૦ | ૫૧ | ૧૯ | ૭૦ |
| ૧૬ | ૨૦૧૪–૧૫ | ૯૫૦.૦૦ | ૯૫૦.૦૦ | ૪૮ | ૨૬ | ૭૪ |
| ૧૭ | ૨૦૧૫–૧૬ | ૯૫૦.૦૦ | ૧૭૫૦.૦૦ | ૮૩ | ૩૫ | ૧૧૮ |
| ૧૮ | ૨૦૧૬–૧૭ | ૨૧૭૫.૦૦ | ૨૬૦૦.૦૦ | ૧૨૪ | ૫૦ | ૧૭૪ |
| ૧૯ | ૨૦૧૭–૧૮ | ૨૩૦૦.૦૦ | ૨૭૫૦.૦૦ | ૧૨૯ | ૫૫ | ૧૮૪ |
| ૨૦ | ૨૦૧૮–૧૯ | ૨૦૦૦.૦૦ | ૨૫૮૪.૫૦ | ૧૧૮ | ૫૬ | ૧૭૪ |
| ૨૧ | ૨૦૧૯–૨૦ | ૩૦૦૦.૦૦ | ૩૯૧૦.૦૦ | ૧૮૮ | ૭૫ | ૨૬૩ |
| ૨૨ | ૨૦૨૦–૨૧ | ૪૦૦૦.૦૦ | ૪૦૦૦.૦૦ | ૧૮૪ | ૮૨ | ૨૬૬ |
| ૨૩ | ૨૦૨૨–૨૩ | ૪૦૦૦.૦૦ | ૯૦૦૦.૦૦ | ૪૦૬ | ૧૯૪ | ૬૦૦ |
| | ૨૦૨૩–૨૪ | ૫૦૦૦.૦૦ | ૧૧૦૦૦.૦૦ | ૫૦૩ | ૨૩૦ | ૭૩૩ |
| | કુલ | | ૪૪૮૪૫.૬૧ | ૨૩૪૧ | ૯૬૬ | ૩૩૦૭ |

**અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓના ઉત્કર્ષ માટે રાજ્ય સરકારની અન્ય યોજનાઓની ટૂંકમાં વિગતો**

| ક્રમ | યોજનાનુ નામ | કયા હેતુથી કેટલો લાભ આપવામાં આવે છે.? |
|---|---|---|
| ૧ | ડિપ્લોમા, મેડીકલ અને એન્જીનીયરીંગમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને સાધન સહાય યોજના | મેડીકલ/એન્જીનીયરીંગ/ડીપ્લોમામાં અભ્યાસ કરતાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને તેઓના અભ્યાસક્રમમાં જરૂરી સાધનો ખરીદવા આર્થિક મુશ્કેલી ન પડે અને વિદ્યાર્થીઓ યોગ્ય અભ્યાસ કરી શકે તે હેતુ થી મેડીકલના વિદ્યાર્થીને – રૂા.૧૦,૦૦૦/–<br>એન્જીનીયરીંગના વિદ્યાર્થીને – રૂા.૫૦૦૦/–<br>ડીપ્લોમાના વિદ્યાર્થીને – રૂા.૩૦૦૦/– |
| ૨ | ટેબ્લેટ યોજના | અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને શિક્ષણનુ પ્રમાણ વધે અને ડ્રોપ આઉટ દરમાં ઘટાડો થાય તે માટે શિક્ષણ વિભાગ દ્વારા આપવામાં આવતા ટેબ્લેટની રૂા.૧૦૦૦/– રકમ રીએમ્બર્સ કરી આપવામાં આવે છે. |
| ૩ | અનુસૂચિત જાતિના ડોકટર અને કાયદા સ્નાતકોને લોન/સહાય યોજના | અનુસૂચિત જાતિના ડોકટરો અને કાયદાના સ્નાતકોને પોતાનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે લોન સહાય આપવામાં આવે છે. |

| ક્રમ | લાભાર્થી | સહાયનું ધોરણ | વ્યાજનો દર |
|---|---|---|---|
| ૧ | કાયદા સ્નાતક | રૂા.૭૦૦૦/– લોન<br>રૂા.૫૦૦૦/–સબસીડી | ૪ ટકા વ્યાજ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | ૨ | તબીબી સ્નાતક | રૂા.૨.૫૦,૦૦૦/- લોન<br>રૂા.૨૫૦૦૦/-સબસીડી | ૪ ટકા વ્યાજ |
| | | ૩ | તબીબી અનુસ્નાતક (MD/MS)ને કલિનીક શરૂ કરવા | રૂા.૩૦૦,૦૦૦/- લોન<br>રૂા.૫૦,૦૦૦/-સબસીડી | ૪ ટકા વ્યાજ |
| | | ૪ | કાયદા સ્નાતકોને સ્ટાઇપેન્ડ | વકીલાતની તાલીમ શરૂ પ્રથમ વર્ષ માસિક -રૂા.૧૦૦૦/-<br>બીજા વર્ષે માસિક- રૂા.૮૦૦/-<br>ત્રીજા વર્ષ માસિક રૂા.૬૦૦/-<br>તાલીમ આપનાર સીનીયર વકીલને માસિક રૂા.૫૦૦/- | - |

| | | |
|---|---|---|
| ૪ | અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની GUJCET,NIIT,JEE અને PMT પરીક્ષાના તાલીમ વર્ગો માટે નાણાંકીય સહાય યોજના | ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહમાં અભ્યાસ કરતા અને ધોરણ-૧૦માં ૭૦ ટકા કે તેથીવધુ ગુણ મેળવેલ હોય તેવા અનુસૂચિત જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓ ઉચ્ચ કારકીર્દી બનાવી શકે તે માટે કોચીંગ મેળવવા તાલીમાર્થી દીઠ- રૂા.૨૦,૦૦૦/- સહાય |
| ૫ | અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની IIM/CEPT/NLU પરીક્ષાના તાલીમ વર્ગો માટે નાણાંકીય સહાય યોજના | અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની IIM/NIFT/CEPT/NLU પ્રવેશ મેળવવા માટે તાલીમાર્થીને રૂા૨૦,૦૦૦/-ની સહાય |

| | | |
|---|---|---|
| ૬ | **આંબેડકર ચેર યોજના** | **યુનીવર્સિટીઓ દ્વારા વહીવટી માળખુ ઉભુ કરી બૌધિક, આર્થિક , રાજનિતિક, ધર્મ, તત્વજ્ઞાન, બંધારણિય અભ્યાસ, માનવ અધિકાર, સામાજિક કાર્ય વગૅરે વિષયો ઉપર વિચાર વિમર્શ થાય તથા ડો.બાબા સાહેબ આંબેડકરના કાર્યો અને ફીલોસોફીના રીસર્ચ ઉપરાંત અનુસૂચિત જાતિના નબળા ભાગોની આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક જીવનના પ્રશ્નોનુ નિરાકરણ લાવવા વિદ્યાર્થી દ્વારા સંશોધન/ દેખરેખ માટે માન્ય પાંચ યુનિવર્સિટી<br>૧.સૌરાષ્ટ્ર યુનિવર્સિટી –રાજકોટ<br>૨.ગુજરાત યુનિવર્સિટી –અમદાવાદ<br>૩.હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી –પાટણ<br>૪.એમ.એસ. યુનિવર્સિટી –વડોદરા<br>૫.વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી –સુરત ને યુનીવર્સિટી દીઠ રૂા.૩૫ લાખ આપવામાં આવે છે.** |

| | | |
|---|---|---|
| ૭ | ફ્રી શીપ કાર્ડ યોજના | સ્વનિર્ભર સંસ્થાઓમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પ્રવેશ વખતે શિક્ષણ ફી ભર્યા સિવાય સહેલાઇથી પ્રવેશ મળી શકે તે માટે ફ્રી શીપ કાર્ડ આપવામાં આવે છે. |
| ૮ | પોસ્ટ એસ.એસ.સી શિષ્યવૃતિ યોજના | ગુજરાત રાજયના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને S.S.C સુધીનો અભ્યાસ પુર્ણ કરી ચુકયા હોય અને આગળ અભ્યાસ કરવા વાર્ષિક– રૂા.૨૩૦૦ થી રૂા.૧૨૦૦૦/– સુધીની સહાય તેમજ શિક્ષણ ફી અને નોન રીફંડેબલ ફી આપવામાં આવે છે. |
| ૯ | મહારાજા સયાજીરાવ ગાયકવાડ MPhil અને Ph.D શિષ્યવૃતિ યોજના | અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ કે જેઓ એમ ફીલ / પીએચડી કરતા હોય તેઓને દર માસે<br><br>એમ ફીલના વિદ્યાર્થીને રૂા.૨૫૦૦/–<br><br>પીએચડીના વિદ્યાર્થીને રૂા.૩૦૦૦/–સહાય મળવાપાત્ર છે. |
| ૧૦ | ભોજન બિલ સહાય | અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ પોષણથી વંચિત ન રહે તે માટે માસિક રૂા.૧૫૦૦/– ભોજન સહાય આપવામાં આવે છે. |

## ડો.આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ યોજના શરૂ થઈ ત્યારથી અત્યાર સુધી લોનની રકમમાં થયેલ ઉત્તરોતર વધારો–

| ક્રમ | સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક અને તારીખ | લોનની રકમમાં થયેલ ક્રમીક વધારો |
|---|---|---|
| ૧ | એસપીએચ/૧૦૯૭/મુ.૩૧૫/ગ, તા. ૯/૩/૯૯ | ૫.૦૦ |
| ૨ | એસપીએચ/૧૦૯૭/મુ.મ.૩૧૫–ન.બા–ન.બા–૮(૦૬)–ન.બા–૮(૦૬)–ગ,<br>તા. ૨૩/૩/૨૦૦૭ | ૧૦.૦૦ |
| ૩ | એસસીડબલ્યુ/૧૦એસસીડબલ્યુ/૨૦૧૩/૭૭૧૪૫૩/જી, તા.૨૭/૮/૨૦૧૪ | ૧૫.૦૦ |